સ્માર્ટ સિટીઝ કાર્યક્રમમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

રાજ્યની 8 મહાનગર પાલિકાઓને કુલ 2132 કરોડ વિકાસ કામો માટે ફાળવ્યા

રાજ્યના શહેરી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું

(પ્રતિનિધી) વડોદરા, તા.17

સ્માર્ટ સિટીઝ અન્વયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ની પ્રેરણાથી શરૂ થયેલા City Investments to Innovate, Integrate and Sustain કાર્યક્રમમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને કુલ 2800 કરોડના ચેક વિવિધ સર્વાંગી વિકાસ કામો માટે અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વિઝનરી લિડરશીપ, વિકાસ માટેની પ્રતિબદ્ધતા અને પૂરતા નાણાં ઉપલબ્ધ હોય તો અર્બન ડેવલોપમેન્ટ કેટલી ઝડપથી શક્ય છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગુજરાતે દેશને આપ્યું છે. તેમણે ઉમેર્યું કે ક્લાયમેટ ચેન્જના પડકારો સામે રાજ્યના શહેરોએ ગ્રીન સ્પેસ, ગ્રીન મોબિલિટી, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અને સ્વચ્છતા સર્વેક્ષણમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યની 8 મહાનગરપાલિકાઓને કુલ 2132 કરોડ, નવી રચાયેલી 9 મહાનગરપાલિકાઓને 360 કરોડ અને 152 નગરપાલિકાઓને 308 કરોડની રકમ વિકાસ કાર્યો માટે આપવામાં આવી હતી.મુખ્યમંત્રીએ વિકાસના દરેક કામમાં ગુણવત્તા અને સ્વચ્છતાને પ્રાથમિકતા આપવાની સાથે 2035 સુધીમાં ગુજરાતના શહેરોને દેશમાં ઉત્કૃષ્ટ સુવિધાયુક્ત શહેરો બનાવવાની અપીલ કરી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતે શહેરી વિકાસ અને સ્વચ્છતામાં રાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ઊભી કરી છે. શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ તમામ વિકાસ કાર્યો સમયસર અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે રાજ્યના શહેરી વિકાસની ઝાંખી રજૂ કરતી ફિલ્મનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

વડોદરાને રૂ.235 કરોડ ફાળવવામાં આવ્યા

ગુજરાત સરકાર દ્વારા વડોદરાને મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી ગ્રાન્ટ હેઠળ 235 કરોડની રકમ ફાળવવામાં આવી છે. આ રકમ ગ્રાન્ટની બીજી કિસ્ત તરીકે આપવામાં આવી છે.આ અગાઉ આ યોજના હેઠળ 137 કરોડની પ્રથમ કિસ્ત વડોદરાને ફાળવવામાં આવી હતી. આજની બીજી કિસ્ત સાથે વડોદરાને કુલ 372 કરોડની ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે.

ભાડે ફેરવવા માટે લીધેલી કાર પરત નહી આપી ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા શહેરમાં અગાઉ ઓનલાઈન એપ દ્વારા કાર ભાડે ફેરવવા માટે બુક કરાવવામાં આવે છે. ત્યારબાદ કાર માલિકને પરત નહી આપીને તેમની કાર બારોબાર ગીરવી કે વેચાણ કરી દેવામાં આવતી હોવાના બનાવો બની ચૂક્યા છે. વડોદરાના કલાલી વિસ્તારમાં આવેલી અલ્તીમાં સોસાયટાં રહેતા મૌલિક નરેશચંદ્ર મદલાણી પોતાના રૂપિયા 8 લાખ કાર ભાડે ફેરવવા માટે આપે છે. ત્યારે ગત 12 નવેમ્બરે તોફિક નિવાજ મલેક (રહે. ડભાસા, તા.પાદરા)એ એલકાપુરી વેલકમ હોટલ સામે બીએમ ચેમ્બર પાસેથી તેમની કાર તેની પત્નીને નામે ઝુમ એપ્લિકેશન દ્વારા રેન્ટ પર આપવીના વાત કરી હતી અને એક દિવસ માટે કાર ભાડે ભેરવવા બુક કરાવી હતી. ત્યારબાદ આ તોફિક મલેક કાર આવીને લઈ ગયો હતો. પરંતુ એક દિવસ પૂરો થયા બાદ કાર પરત કરવાની હતી. પરંતુ તેણે કાર પરત જમા કરાવી ન હતી. જેથી કાર માલિકે તેને ફોન કરતા રિસીવ કરતો ન હતો. જેથી કાર પરત નહી આપતા તોફિક મલેક વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ અકોટા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

ભારતીય ટપાલ વિભાગ દ્વારા આયોજન

જિલ્લા કક્ષાનું ટપાલ ટીકીટ 'વડોપેક્ષ -2026' પ્રદર્શન

આગામી 9 અને10 જાન્યુઆરી-2026એ અતિથિ ગૃહ અકોટા ખાતે અલભ્ય ટપાલ ટીકીટ પ્રદર્શન યોજાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.17

ભારતીય ટપાલ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાનું ટપાલ ટીકીટનું પ્રદર્શન ''વડોપેક્ષ -૨૦૨૬''નુ આયોજન આગામી તા. ૦૯-૦૧-૨૦૨૬ થી ૧૦-૦૧-૨૦૨૬ (શુક્રવાર-શનિવાર) ના રોજ વડોદરા શહેરની મધ્યમાં આવેલ અકોટા અતિથિ ગૃહ અકોટા, વડોદરા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. તેમાં વડોદરા રેવન્યુ જિલ્લામાં રહેતા અગ્રીમ ટપાલ ટીકીટ સંગ્રાહકો પોતાના અલભ્ય અને અમુલ્ય ટપાલ ટીકીટના સંગ્રહ પ્રદર્શનમાં રજુ કરશે. આ પ્રદર્શની માટેની જરૂરી માહિતી તથા એન્ટ્રી ફોર્મ મેળવવા માટે સેક્રેટરી વડોપેક્ષ -૨૦૨૬, સીનીયર પોસ્ટમાસ્ટર, વડોદરા હેડ પોસ્ટ ઓફીસ, રાવપુરા, વડોદરા-૩૯૦૦૦૧. સંપર્ક નંબર : ૦૨૬૫-૨૪૨૨૪૪૯, ૦૨૬૫-૨૪૧૨૮૧૭ સરનામે સંપર્ક કરવો. આ પ્રદર્શનમાં ભાગ લેવાની અંતિમ તારીખ આગામી તા.૨૯-૧૨-૨૦૨૫ છે.આ પ્રદર્શનમાં ૩ ગૃપ રાખવામાં આવ્યા છે. જેમાં ગૃપ-૧ આમંત્રીતો માટે, ગૃપ-૨ સીનીયર સ્પર્ધકો માટે અને ગૃપ-૩ જુનિયર સ્પર્ધકો માટે રાખવામાં આવ્યા છે. પ્રદર્શન દરમ્યાન વિદ્યાર્થીઓ માટે સેમિનાર, પત્ર લેખન જેવી સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.અલભ્ય ટપાલ ટીકીટ પ્રદર્શન જોવું એ જીવનનો અમુલ્ય લ્હાવો છે. વિવિધ વિષયો પરના અલભ્ય ટીકીટનો સંગ્રહ જે ઈતિહાસ, સંસ્કૃતિ, વ્યક્તિવિશેષ અને પર્યાવરણને પ્રદર્શિત કરતો દસ્તાવેજ અને પુરાવો છે. વડોદરા શહેરને આ પ્રદર્શનના યજમાન બનવાનો મોકો મળ્યો છે એ વડોદરા શહેર માટે ગૌરવની વાત છે. તમામ નગરજનો ખાસ કરીને અભ્યાસ કરતા બાળકોને સાથે રાખી આ પ્રદર્શન માણવા સીની સુમ્રી ઓફ પોસ્ટ ઓફિસીસ, વડોદરા ઈસ્ટ ડીવીઝન દ્વારા અખબારી યાદી મારફત નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

એકતાનગરમાં 19 થી 21 ડિસેમ્બરે જિલ્લા સ્તરીય "સશક્ત નારી મેળો" યોજાશે

સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં યોજાનાર ત્રિ-દિવસીય મેળાનો શુભારંભ જિલ્લા પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે થશે

(પ્રતિનિધી) વડોદરા, તા.17

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા તથા મહિલા નેતૃત્વ આધારિત વિકાસને ગતિ આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. મહિલા સશક્તિકરણ, સ્વદેશી વિચારધારા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. મારફત તા.૧૧ થી ૨૩ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન રાજ્યવ્યાપી "સશક્ત નારી મેળા"નું આયોજન કરવામાં આવી રહ્યું છે.આ અંતર્ગત નર્મદા જિલ્લામાં તા.૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં બસ-બેની સામે, પરેડ ગ્રાઉન્ડ, એકતાનગર ખાતે જિલ્લા સ્તરીય "સશક્ત નારી મેળો" યોજાશે.

આ ત્રિ-દિવસીય મેળાનો શુભારંભ ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્ય મંત્રીશ્રી અને નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલના કરકમળોથી કરવામાં આવશે.નર્મદા જિલ્લાના આ સશક્ત નારી મેળામાં "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" અને "લોકલ ફોર વોકલ"ના સંદેશને સાર્થક કરતા ૫૦ જેટલા સ્ટોલ ઉભા કરાશે.

જેમાં મહિલાઓ દ્વારા તૈયાર કરાયેલી સ્વદેશી હસ્તકલા, ગૃહઉદ્યોગ ઉત્પાદનો, સ્વસહાય જૂથ (SHG) ના ઉત્પાદનો, કૃષિ આધારિત વસ્તુઓ, કોટેજ ઈન્ડસ્ટ્રી અને મહિલા ઉદ્યોગસાહસિકોના વિવિધ ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવશે. આ મેળાનો મુખ્ય હેતુ સ્થાનિક મહિલાઓને આત્મનિર્ભર બનાવવા, તેમના ઉત્પાદનોને વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવવાનો અને મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે સક્ષમ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. મેળા દરમ્યાન લખપતિ દીદી, ડ્રોન દીદી, પ્રગતિશીલ મહિલા ખેડૂતો અને મહિલા ઉદ્યોગસાહસિકોની સિદ્ધિઓનું સન્માન પણ કરવામાં આવશે.સાથે સાથે મહિલા કેન્દ્રિત રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ, આજીવિકા કાર્યક્રમો, સ્વરોજગાર, સ્ટાર્ટઅપ સહાય, સહકારી પહેલો અને મહિલા કલ્યાણ સંબંધિત યોજનાઓ અંગે વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવશે. આ મેળો મહિલા આગેવાની હેઠળના સામાજિક અને આર્થિક પરિવર્તનને નવી દિશા આપશે અને નારી શક્તિને પ્રેરણા પૂરી પાડશે.

નર્મદા જિલ્લાના નાગરિકો, પ્રવાસીઓ અને મહિલાઓને આ જિલ્લા સ્તરીય "સશક્ત નારી મેળા"ની મુલાકાત લઈ સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

હજુ આગામી 6 થી 8 મહિના સુધી નાગરિકોએ આ ટેન્કરરાજમાંથી મુક્તિ મળે તેવી કોઈ શક્યતા દેખાતી નથી

વડોદરાનો પૂર્વ વિસ્તાર તરસ્યોઃ વર્ષના પ્રથમ 180 દિવસમાં જ 42 હજાર ટેન્કરો દોડ્યા

મેયરના પોતાના જ વોર્ડમાં 'નળ સે જલ' યોજના ફ્લોપ; હજારો પરિવારો હજુ પણ વર્ષો જૂની ટેન્કર પ્રથાના ભરોસે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા સંસ્કારી નગરી વડોદરાના પૂર્વ વિસ્તારમાં પાણીની સમસ્યા હવે વિકરાળ બની રહી છે. પાલિકા દ્વારા કરોડોના ખર્ચે પાણીના પ્રોજેક્ટ્સની વાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પૂર્વ વિસ્તારના હજારો નાગરિકો આજે પણ પીવાના પાણી માટે સંપૂર્ણપણે ટેન્કર પર નિર્ભર છે. વર્ષ 2025ના પ્રથમ છ મહિનામાં જ પૂર્વ વિસ્તારમાં અંદાજિત 42,000 જેટલા પાણીના ટેન્કર દોડાવવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે આ વિસ્તારમાં પાણીની

પાઈપલાઈન અને પુરવઠાનું નેટવર્ક સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું છે. પાલિકાના સત્તાવાર આંકડાઓ પર નજર કરીએ તો પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે. વર્ષ 2023-24 દરમિયાન દર મહિને સરેરાશ 2,000 ટેન્કરનો વપરાશ થતો હતો, જેની સામે છેલ્લા અ ઢી વર્ષમાં પૂર્વ વિસ્તારમાં કુલ 90,000થી વધુ ટેન્કર દ્વારા પાણી વિતરણ કરવું પડ્યું છે. આ આંકડા જ સાક્ષી પૂરે છે કે પૂર્વ વિસ્તારના નાગરિકો માટે પીવાનું પાણી મેળવવું એ રોજની જંગ સમાન બની ગયું છે. શહેરના વોર્ડ નંબર 4 અને 5માં સ્થિતિ અત્યંત દયનીય છે. નવાઈની વાત એ છે કે વોર્ડ નંબર 4 એ ખુદ શહેરના મેયર પિંકીબેન સોનીનો મતવિસ્તાર છે . મેયરના પોતાના જ વોર્ડમાં આવેલી 10 જેટલી સોસાયટીઓમાં છેલ્લા લાંબા સમયથી નિયમિત નળ વાટે પાણી આવતું નથી અને ટેન્કર જ એકમાત્ર આશરો છે. રામદેવનગર-2 સોસાયટીમાં છેલ્લા એક વર્ષથી અને સાઈદીપ સોસાયટીમાં છેલ્લા છ મહિનાથી પાણીનું એક ટીપું પણ નળમાં આવ્યું નથી. તેવી જ રીતે વોર્ડ નંબર 5માં પણ 8 જેટલી સોસાયટીઓ છેલ્લા આઠ મહિનાથી ટેન્કરના જોરે જીવી રહી છે. આ બંને વોર્ડમાં દરરોજ અંદાજે 300 જેટલા ટેન્કરો ફેરા કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હજુ આગામી 6 થી 8 મહિના સુધી નાગરિકોએ આ ટેન્કરરાજમાંથી મુક્તિ મળે તેવી કોઈ શક્યતા દેખાતી નથી.

અઠવાડિયા સુધીમાં તમામ વિસ્તારોમાં પાણી મળતું થઈ જશે

"પૂર્વ વિસ્તારમાં ઝડપથી વધી રહેલા શહેરીકરણને કારણે કેટલીક જગ્યાએ પાણી પહોંચાડવામાં મુશ્કેલી પડી રહી છે. જોકે, પાલિકાએ આ સમસ્યાના કાયમી ઉકેલ માટે 250 કરોડથી વધુના ખર્ચે વિવિધ પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે. હાલ પૂર્વ વિસ્તાર માટે નવા આયોજન હેઠળ કામગીરી ચાલી રહી છે અને એક અઠવાડિયા સુધીમાં તમામ વિસ્તારોમાં નળ દ્વારા પૂરતું પાણી મળતું થઈ જશે, જેનાથી ટેન્કર પરની નિર્ભરતા સંપૂર્ણપણે નાબૂદ થશે. હાલ રાયકા ફ્રેન્કલ નું કામ ચાલુ હોવાથી અમુક પંપો બંધ હોય પૂર્વ વિસ્તારમાં પાણીની અછત સર્જાય છે જે ઓછા પ્રેશરથી મળે છે પરંતુ એ કામ જલ્દી પૂરું કરવા માટે તંત્ર કામે લાગેલું છે"
– ધાર્મિક દવે (એડિશનલ સિટી ઇજનેર, વડોદરા મ્યુનિ.કોર્પોરેશન)

સેમિનાર, ચર્ચાસત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને જાગૃતિ અભિયાન

18મી ડિસેમ્બર આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ માનવ ગતિશીલતાનો વૈશ્વિક ઉત્સવ ઉજવાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.17

દર વર્ષે ૧૮ ડિસેમ્બરના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ ઉજવવામાં આવે છે. ૧૮ ડિસેમ્બર ૧૯૯૦ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ પ્રવાસી કામદારો અને તેમના પરિવારજનોના અધિકારોના રક્ષણ અંગેની આંતરરાષ્ટ્રીય સંધિ સ્વીકારી હતી. આ ઐતિહાસિક નિર્ણયની યાદમાં વર્ષ ૨૦૦૦થી આ દિવસને આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સ્થાપિત આ દિવસનો હેતુ વિશ્વના કરોડો પ્રવાસીઓના યોગદાનને માન્યતા આપવાનો અને તેઓને મળતા પડકારો અંગે જાગૃતિ ફેલાવવાનો છે. પ્રવાસીઓ વિશ્વની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.આજના વૈશ્વિક યુગમાં પ્રવાસ માત્ર જરૂરિયાત નહિ પરંતુ માનવ વિકાસનો અભિન્ન ભાગ બની ગયો છે. આધુનિક વિશ્વમાં લોકો રોજગાર, શિક્ષણ, સુરક્ષા, કુદરતી આફતો અથવા વધુ સારી જીવનશૈલીની શોધમાં દેશ-દેશાંતરે સ્થળાંતર કરે છે. સંયુક્ત રાષ્ટ્રના અંદાજ મુજબ વિશ્વમાં ૨૮૦ મિલિયનથી વધુ લોકો પ્રવાસી તરીકે જીવન જીવતા હોય છે. આ લોકો માત્ર પોતાના પરિવાર માટે જ નહિ પરંતુ વિશ્વની આર્થિક અને સામાજિક પ્રગતિમાં પણ મહત્વપૂર્ણ ફાળો આપે છે. પ્રવાસીઓ દ્વારા પોતાના દેશોને મોકલાતી રકમ–રેમિટન્સ–ઘણા વિકાસશીલ દેશોની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવે છે. સાથે જ તેઓ નવી કુશળતાઓ, વિચારો અને સંસ્કૃતિઓનો વિનિમય કરીને સમાજને વધુ વૈવિધ્યસભર બનાવે છે.વર્ષ ૨૦૨૫ની થીમ "My Great Story: Cultures and Development" આ વર્ષની થીમ માનવ ગતિશીલતાને એક સકારાત્મક શક્તિ તરીકે રજૂ કરે છે. પ્રવાસીઓની જીવનકથાઓ માત્ર વ્યક્તિગત સંઘર્ષ અને સફળતાની વાર્તાઓ નથી, પરંતુ સંસ્કૃતિઓને જોડતી અને વિકાસને પ્રોત્સાહિત કરતી જીવંત સાક્ષીઓ છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે દરેક પ્રવાસી માનવ છે અને તેને સન્માન, સુરક્ષા અને સમાન અધિકારો મળવા જોઈએ. વિશ્વભરમાં વિવિધ સંસ્થાઓ, સરકારો અને સામાજિક સંગઠનો દ્વારા સેમિનાર, ચર્ચાસત્રો, સાંસ્કૃતિક કાર્યક્રમો અને જાગૃતિ અભિયાન યોજવામાં આવે છે.

યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઇન્ફોર્મેશન એન્ડ ગાઇડન્સ દ્વારા આયોજન

UBC ખાતે 19મીએ રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો

રોજગારવાચ્છુએ 3 રિઝ્યુમની નકલો સાથે હાજર રહેવું

(પ્રતિનિધી) વડોદરા, તા.17

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુઈબી), વડોદરા દ્વારા તા. 19/12/2025 (શુક્રવાર) ના રોજ સવારે 10.00 વાગ્યે યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરો (યુઈબી), ચમેલી બાગ, કમાટી બાગની સામે, યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં, વડોદરા ખાતે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભરતી મેળામાં નોકરીદાતાઓ દ્વારા 50થી વધુ ટેકનિકલ અને નોન-ટેકનિકલ જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. જેમાં એમકોમ, બીઈ ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ, બીફાર્મ, બીએસસી નર્સિંગ જેવી લાયકાત ધરાવતા અનુભવી તેમજ ફ્રેશર, 35 વર્ષ સુધીના મહિલા અને પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. ભરતી મેળા દરમિયાન પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના અંગે માહિતી આપવામાં આવશે. સાથે સાથે કેરિયર કાઉન્સેલિંગ, રોજગારલક્ષી અનુબંધમ તથા NCS (નેશનલ કરિયર સર્વિસ) ઓનલાઈન પોર્ટલ અંગે નિઃશુલ્ક માર્ગદર્શન પણ આપવામાં આવશે. રસ ધરાવતા અને યોગ્ય લાયકાત ધરાવતા રોજગારવાચ્છુ ઉમેદવારોને ૩ રિઝ્યુમની નકલો સાથે સ્વખર્ચે હાજર રહેવા યુનિવર્સિટી એમ્પ્લોયમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ગાઈડન્સ બ્યુરોના નાયબ વડા અલ્પેશ એલ. ચૌહાણ દ્વારા અપીલ કરવામાં આવી છે.

19 થી 21 ડિસેમ્બર દરમિયાન મહારાણી ચિમણાબાઈ હાઈસ્કૂલમાં આયોજન

મરાઠી વાઙ્મય પરિષદનું 75મું સાહિત્ય સંમેલન યોજાશે

'ભરલી ઓજળ' સ્મરણિકાનું તેમજ મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશે લખાયેલ બે ગ્રંથોનું પ્રકાશન કરાશે

(પ્રતિનિધી) વડોદરા, તા.17

વડોદરા મરાઠી ભાષા અને સંસ્કૃતિનું જતન અને એનો વિકાસ કરવાના ઉદ્દેશથી ૧૯૩૧માં સ્થાપવામાં આવેલી મરાઠી વાઙ્મય પરિષદનું ૭૫મું સાહિત્ય સંમેલન, પ્રસિદ્ધ લેખક અને પ્રકાશક બાબા ભાંડની અધ્યક્ષતા હેઠળ ૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન આયોજિત કરવામાં આવ્યું છે.

શ્રીમંત રાજમાતા શુભાંગીનીરાજે ગાયકવાડ સંમેલનનું ઉદ્ઘાટન કરશે, અને ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ ખંડેરાવ શુક્લ સ્વાગતાધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેશે. મુખ્ય મહેમાન તરીકે વડોદરાના મેયર પિંકીબેન સોની તથા મહારાષ્ટ્ર રાજ્ય મરાઠી વિકાસ સંસ્થાના સંચાલક ડૉ. શ્યામકાંત દેવરે ઉપસ્થિત રહેશે. મહારાણી ચિમણાબાઈ હાઈસ્કૂલ, જે મરાઠી માધ્યમની શાળા છે, ત્યાં આ સંમેલનનું આયોજન કરવામાં આવેલ હોઈ આ સંમેલન સ્થળને 'સયાજીનગરી' નામ આપવામાં આવેલ છે. વ્યાસપીઠ, ગ્રંથ કક્ષ અને પ્રવેશદ્વારને અનુક્રમે પ્રા. ડૉ. વિ.પાં.દાંડેકર, ચિં.વિ.જોશી અને જનરલ નાનાસાહેબ શિંદે, જે આ પરિષદના શિલ્પકારો /ઘડવૈયા છે, તેમનાં નામ આપવામાં આવ્યા છે.

શુક્રવારે ૧૯ ડિસેમ્બરે, સાંજે પાંચ કલાકે ગ્રંથદિંડીનું આયોજન કરવામાં આવેલ છે. જેની શરૂઆત આરાધના ટોકીઝ નજીક આવેલા છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા પાસેથી થશે. સાંજે છ કલાકે દિંડીનું સંમેલન સ્થળે આગમન થશે. ૬.૧૫ કલાકે ગ્રંથ કક્ષનું ઉદ્ઘાટન કરવામાં આવશે ૬.૩૦ કલાકે શ્રીમંત રાજમાતા શુભાંગીનીરાજે ગાયકવાડ સાહિત્ય સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

અત્રે ઉલ્લેખનિય છે કે, સંમેલનનાં ઉપલક્ષ્યમાં તયાર કરવામાં આવેલ 'ભરલી ઓજળ' સ્મરણિકાનું તેમજ મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિશે લખાયેલ બે ગ્રંથોનું પ્રકાશન કરવામાં આવશે.

એટીએમ કેબિનો હાલ કચરાના ઢગ, પ્લાસ્ટિક બોટલો, કાગળના ડૂચા અને ગંદકીથી ભરાઈ

અંકલેશ્વર શહેરના ATM ગંદકીનું ડમ્પિંગ યાર્ડ! બેંકની બેદરકારી સામે લોકોમાં આક્રોશ

એટીએમ કેબિનની સફાઈ કરી, નિયમિત જાળવણી કરવામાં આવે તેવી માંગ ઉઠી

(પ્રતિનિધિ) અંકલેશ્વર તા.17

અંકલેશ્વર શહેરના મોટેભાગના એટીએમ કેબિન આજે ગંદકીનું પ્રતિક બની ગઈ છે. જાહેર સુવિધા તરીકે સ્થાપિત આ એટીએમ કેબિનો હાલ કચરાના ઢગ, પ્લાસ્ટિક બોટલો, કાગળના ડૂચા અને ગંદકીથી ભરાઈ ગઈ છે, જે બેંક સત્તાધીશોની ગંભીર બેદરકારી અને નિષ્ક્રિયતા સ્પષ્ટ કરે છે. શહેરના હાર્દ સમા વિસ્તારમાં આવેલા આ એટીએમ કેબિનમાં પ્રવેશતા જ ગ્રાહકોને અસહ્ય ગંદકીનો સામનો કરવો પડે છે. એટીએમ મશીનની આસપાસ અને ખૂણાઓમાં કચરાના મોટા ઢગ જામ્યા છે, જેના કારણે પૈસા ઉપાડવા આવેલા નાગરિકોને ઊભા રહેવું પણ મુશ્કેલ બની ગયુ છે. સ્વચ્છતા અને સુરક્ષાનું પાલન થવુ જોઈએ તેવી જગ્યાએ ગંદકીનો સામ્રાજ્ય સર્જાયો છે. મુખ્ય માર્ગ પર હોવાને કારણે આ એટીએમનો ઉપયોગ રોજે રોજ મોટી સંખ્યામાં લોકો કરે છે, પરંતુ હાલની દયનીય સ્થિતિને કારણે ગ્રાહકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. એક સ્થાનિક ગ્રાહકે કડક શબ્દોમાં કહ્યુ હતુ કે, "પૈસા કાઢવા આવીએ ત્યારે એટીએમની ગંદકી જોઈને જ પાછા ફરવાનુ મન થાય છે. ગ્રાહકોને સ્વચ્છ સુવિધા આપવી બેંકની મૂળભૂત ફરજ છે." આ ગંભીર મુદ્દે બેકના સ્થાનિક અધિકારીઓનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ત્યાંથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી, જે બેંકના બેદરકાર વલણને વધુ ઉજાગર કરે છે. જાહેર જનતાની સુવિધા માટે મૂકાયેલી એટીએમની આવી દુર્દશા શહેરની સ્વચ્છતા ઝુંબેશ અને બેંકની કહેવાતી 'ગ્રાહક-મૈત્રી સેવા' પર મોટો પ્રશ્નચિહ્ન ઉભો કરે છે. સ્થાનિક નાગરિકોએ તાત્કાલિક આ એટીએમ કેબિનની સફાઈ કરી, નિયમિત જાળવણી કરવામાં આવે તેવી સખત માંગ ઉઠાવી છે.

વડોદરા મેરેથોનમાં 'ગઝરા રન'ને સમાવેશી દોડ તરીકે જાહેરાત

(પ્રતિનિધી) વડોદરા, તા.17

વડોદરા મેરેથોન વર્ષોથી શહેરના રમતગમત અને સામાજિક જાગૃતિના કેલેન્ડરમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. ફિટનેસ સાથે સામાજિક પરિવર્તનને જોડતી આ મેરેથોન હવે વધુ એક સમાવેશી પગલું ભરવા જઈ રહી છે. વડોદરા મેરેથોન અને SMCSU (શ્રી મહારાણી ચિમનાબાઈ સ્ત્રી ઉદ્યોગાલય) ની સંયુક્ત પહેલ હેઠળ 'ગઝરા રન' ને સમાવેશી દોડ તરીકે જાહેર કરવામાં આવી છે. આ દોડ માનસિક સ્વાસ્થ્ય, સુરક્ષા અને સમુદાય આધારની જાગૃતિ ફેલાવવાનો ઉદ્દેશ ધરાવે છે.SMCSU માનસિક સુખાકારી, સમાવેશ અને સમુદાય સશક્તિકરણ માટે કાર્યરત સંસ્થા છે. તેની ગઝરા મિત્ર એપ દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે સુરક્ષિત અને સહાયક માળખું ઉભું કરવામાં આવી રહ્યું છે.

અંકલેશ્વરમાં સાયબર ફ્રોડના મ્યુલ એકાઉન્ટ કેસમાં 1ની અટકાયત

(પ્રતિનિધિ) અંકલેશ્વર,ભરૂચ, તા.17

અંકલેશ્વર શહેર એ-ડિવિઝન પોલીસે "ઓપરેશન મ્યુલ હન્ટ" અંતર્ગત સાયબર ફ્રોડના એક ગંભીર કેસમાં કાર્યવાહી કરી છે.જેમાં ચીટીંગના રૂ. 9.50 લાખ મ્યુલ એકાઉન્ટ મારફતે હેરાફેરી કરવાના ગુનામાં એક આરોપીની અટકાયત કરવામાં આવી છે. કેસ મુજબ શમશેર ઉર્ફે છોટુ મુમતાજ અલીએ ચીટીંગની રકમ જમા કરાવવા માટે પોતાના મિત્ર સિદ્દીક ઉર્ફે એજન્ટ ઉમર બેલીમનું યસ બેંક, અંકલેશ્વર શાખાનું ખાતું ઉપયોગમાં લીધુ હતુ. તા. 28/08/2024ના રોજ જુદા-જુદા ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ.9,50,000/- જમા કરાવવામાં આવ્યા હતા. ખાતાધારકને રૂ.30000 કમિશન આપવાનુ નક્કી કરવામાં આવ્યુ હતુ. પછી આ રકમમાંથી રૂ. ૩ લાખ

આર.ટી.જી.એસ. મારફતે ત્રીજા આરોપી મોહંમદ નાઝીરભાઈ (રહે. ઉધના, સુરત)ના ખાતામાં ટ્રાન્સફર કરાયા હતા,જ્યારે બાકીની રકમ અંગત ખર્ચ અને લોન ચુકવણીમાં વપરાઈ હતી. આ રકમ સંબંધિત ફરિયાદ એનસીસીઆરપી પોર્ટલ પર બેંગલોરના હેબ્બાગોડી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ